સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૧૧

સલામી સવારની..

છો લાલ-પીળા થાય 'કૃષ્ણ, સુદામા બની જાય છે!
ગમે તેવા હોય બજરંગી, 'બાબુ' બની જાય છે!
બની જાય ગાય જેવા, ડણકતા પોલીસો પણ -
નમે છે કોણ કોને? સૌ 'નમો-મય' બની જાય છે
(આસારામનો 'શિવો')

હાઈકુ

મોડી તો મોડી!
ડહાપણની દાઢ -
ફૂટી તો ખરી!!
(દિલ્હી જતાં પહેલાં -)

રાખશો નહીં!
હવે કંઇ 'દાઢ'માં -
જતું કરજો!
(- નહીં તો પાકસે)

ચિંતન

ન વેત્તિ યો યસ્ય ગુણપ્રકર્ષ સ તં સદા નિન્દતિ ના અત્ર ચિત્રમ્ ।
યથા કિરાતી કરિ કુંભજાના મુકતાઃ પરિત્યજય બિભર્તિ મુંગ્રાઃ ॥

'જેને કોઇના સદ્‌ગુણો અને જ્ઞાનની શ્રેષ્ઠતાનું જ્ઞાન નથી, (- કે હોય છતાં તેમની તેમની અવજ્ઞા કરે છે) અને વિશેષમાં સદાય તેની ટીકા અને નિંદા જ કર્યા કરે છે આમ છતાં એ સદ્‌ગુણી વ્યક્તિને તેના આવા અબૂધ વ્યવહારથી જરા પણ આશ્ચર્ય થયું નથી દા.ત. વનવાસી અબૂધ ભીલડીને હાથીનાં ગંડસ્થળમાં પાકતાં મોતી સરળ અને સુલભ હોવા છતાં, સાચાં મોતીની માળાની અવજ્ઞા કરીને અન્ય કોડાં-કાકરાની માળા ને જ ધારણ કરે છે.'

નજીકની, પરિવારની વ્યક્તિઓની પૂરી ઓળખ ન પામી શકનારાં કુટુંબીજનો, તેના સદ્‌ગુણોને સમજ્યા વિના, કદર કર્યા વિના એ સદ્‌ગુણીનો સ્વભાવ, ટેવો અને રીતભાતની જ ટીકા-નિંદા કરે છે તેના સદ્‌ગુણ-સ્વભાવની તેમને સાચી પરખ હોતી જ નથી.

આજે નવા જમાનાના યુવાનો કોલેજ અને સામાજિક સંપર્કમાં આવી જઇ શારીરિક આકર્ષણથી, એકમેકના સ્વભાવ, બૌદ્ધિક સ્તર, ટેવ-શોખ, રીત-ભાતને સમજ્યા વિના લગ્નની ગાંઠે બંધાઇ જાય અને સહજીવન માંડે શારીરિક ઉત્સૂકતા ખતમ થઇ ગયા પછી એકમેકમાં ઉણપો દેખાવા લાગે છે.

પતિ-પત્નીએ દુર્ગુણો જોવા કરતાં સદ્‌ગુણો જોઇ તેની કદર કરી, વિરોધો સાથે એડજસ્ટ થઇ, જીવનને માંગલ્યને માર્ગે લઇ જવું જોઇએ.

સુવિચાર

- **જો સ્વર્ગમાં મા નથી, માતા જેવો સંબંધ જ નથી, કોઇ ઋણાનુ બંધ જ નથી તો એવા સ્વર્ગનેય શું ધોળી પીવું છે? જહન્નમમાં જાય એ જન્નત** - **શેખ શાદી**
- **સુખનું નિર્માણ કરવા દુઃખનુ નિર્વાણ આવશ્યક છે** - **તમિલ કહેવત**
- **વિશ્વનો ઇતિહાસ એ બીજું કંઇ નહીં પણ મહાન પુરૂષોની આત્મકથા તો છે**- **જોન રસ્કિન**
- **મિત્રતા એ હૃદય વૃંદાવનનું અમૃત ફળ છે** - **સંત ફ્રાન્સીસ**
- **આજના જમાનામાં લોકોમાં દુઃખો વધ્યા નથી પરંતુ લોકોની સહનશક્તિ ઘટી છે** - **એસ.ભટ્ટાચાર્ય**
- **પૂરતું ધન હોય તો વેપાર કરવો, ધન ન હોય તો નોકરી કરવી, પણ ભીખ તો કદી યે ન માંગવી** - **ધર્મસૂત્ર**
- **સત્ય વિનાની કોઇ કલ્પના નથી હોતી.. તેવી જ રીતે કલ્પના વિનાનું કોઇ સત્ય નથી હોતું** - **ચંદ્રકાન્ત બક્ષી**

બોધ કથા

ઘણીવાર સરળ-સાદી, અને ભભક ભર્યા શબ્દો વિનાની ટૂંકાં વાક્યો અને લોકબોલીના શબ્દોથી જે વાત રજૂ કરવામાં આવે તેની અસર લોક સમૂહ પર સારી અને પ્રભાવશાળી રહે છે. જયારે પોતાની વિદ્વતા અને ભાષા પર પ્રભુત્વનું પ્રદર્શન કરનારા પોતાની વાત રજૂ કરવામાં સફળ થતા નથી.

પાકિસ્તાન સાથે ચર્ચા-વાદ-વિવાદ અન ભોજન ડિપ્લોમસી દ્વારા સમજુતી-બાંધછોડ કરવાની રીત-રસમ નહેરૂયુગથી ચાલે છે પણ કૂતરાની પૂંછડી પર કોઇ જ અસર આજ સુધી થઇ નથી.

પંડિત જવાહરલાલ નહેરૂ અને જનરલ અય્યુબખાન વચ્ચે આવો જ એક ભોજન સમારંભ ૧૯૫૮માં ઇસ્લામાબાદમાં યોજાયો. ભોજન પહેલાં સમજૂતિનાં સાર રૂપ હંમેશા વ્યાખ્યાન થતાં હોય છે.

ભોજન સમારંભમાં પંડિતજીએ ટૂંકું, લાગણીસભર, સાદી ઉર્દૂ મિશ્રિત હિન્દીમાં વ્યાખ્યાન આપ્યું હાજર રહેલા રાજનેતા-રાજકર્તા અને પત્રકારોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું. પછી, જન. અય્યુબખાને કોઇ ઉર્દૂ વિદ્વાને ભારેખમ ઉર્દુ શબ્દોમાં 'લખી આપેલું' ભાણ વાંચ્યું.

બીજે દિવસે 'ઇમરોઝ' નામના દૈનિકમાં એક બોક્સ આઇટમ ટિપ્પણી હતી. ભારતના વડાપ્રધાન જે ઉર્દુમાં બોલ્યા તે ભાષા-ભાવ આપણાં જ હોય એવી લાગણી થઇ જયારે આપણા પ્રમુખશ્રીનું ભાષણ અધરી ઉર્દૂની છાંટ વાળું ન સમજાય તેવું હૃદયના ભાવને ન સ્પર્શે એવું હતું... આપણા પરાયા લાગ્યા, પરાયા આપણા લાગ્યાં.

Email - sureshchandrabhatt18@gmail.com

અમેરિકન અગ્નિપથ...!! ડૉલરની દોટમાં દીકરો ખોટો રૂપિયો..!!

વૃદ્ધાશ્રમથી ફોન આવ્યો હતો, રમણલાલ દીકરાને યાદ કરતાં કરતાં અંતરિક્ષની અનંત યાત્રાએ નિસાસા નાંખતા ચાલી નીકળ્યા હતાં

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

સેકટર-૨૯નાં બગીચામાં સિનીયર સિટીઝનની કાયમી બેઠક, બધાં વડીલો ભેગાં થયા, અવનવી વાતો, ચર્ચાઓ થાય, નરેન્દ્ર મોદી દિલ્હી સુધી પહોંચ્યાના વિષયથી લઈ ગણપતિદાદાની પધરામણી વખતે થતાં ડોલ્બીના શોર બકોરથી કાનના પડદાં ફાટવાથી લઈ વિસર્જન વખતે થતી મૂર્તિઓની દૂર્દશા અને પ્રદૂષણનો વિષય પણ સૌનાં તર્ક-ગુસ્સા- આવેશ સાથે ચર્ચાય..

દિલીપભાઈ દર વખતની જેમ જ સવારે આ બગીચામાં પોતાની બેઠક જમાવવાં બગીચામાં દાખલ થયાં. રવિવારની સવાર હોવાથી આજે એમની ફોરમ હાજર હતી. પણ દરેકનો ચહેરો જરા ગંભીર હતો. દિલીપભાઈ કશુંક પૂછે એ પહેલાં એક ઉત્સાહી પેન્શનરે કહી દીધું, દિલીપભાઈ કૈલાસધામ વૃદ્ધાશ્રમથી એમનાં વ્યવસ્થાપકનો ફોન આવ્યો હતો કે રમણલાલ છેલ્લી ઘડીઓ ગણી રહ્યા છે અને સતત એમના દીકરા સ્વદેશની માળા જપી રહ્યા છે. આપણે બધાંએ ત્યાં જવું પજશે, આપણે જો મોડું કરીશું તો કદાચ કાયમનો અફસોસ રહી જશે. બે વડીલોએ ફટાફટ ફોન કર્યા અને ઈનોવા અને ટ્વેરા ગાડી વડીલો બગીચાનાં ઝાંપે પહોંચે એ પહેલાં આવી ગઈ.

સેકટર-૭થી પાંચ કી.મી.ના અંતરે આવેલા કૈલાસધામે સિનિયર સિટીજનોનું ગ્રૂપ દસજ મિનિટમાં પહોંચી ગયું. રમણલાલનાં દેહ પાસે વૃદ્ધાશ્રમનાં વ્યવસ્થાપક અને ડોકટર નતમસ્તક ઉભા હતા. વ્યવસ્થાપક દિલીપભાઈ ખૂબ સારી રીતે ઓળખતાં હતા. કારણ કે તેઓ અવારનવાર આ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ ત્યાં યથાયોગ્ય મદદ કરી વૃદ્ધોનો લાગણી સમજી એમના અશ્રુ લુછવાનું કામ કરતાં હતા. વ્યવસ્થાપકે દિલીપભાઇનાં ખભે હાથ મુકી ગંભીર સ્વરે કર્યું. દિલીપભાઈ, તમે પાંચ મિનિટ મોડાં પડ્યાં. દીકરાને યાદ કરતાં કરતાં રમણલાલ અંતરીક્ષની અનંત યાત્રાએ નિસાસા નાંખતાં ચાલી નીકળ્યાં છે. વૃદ્ધાશ્રમનાં નિયમ મુજબ બે કલાક બાદ એમના પાર્થિવ દેયને અંતિમવિધિ માટે સે-૩૦નાં અંતિમ ધામ ખાતે લઈ જવાશે. તમારો કોઈને એમનાં સગાં કે દીકરેને જાણ કરવી હોય તો મારી ઓફિસમાંથી ફોન કરી શકો છો....

બપોરનાં બાર વાગવા આવ્યા હતા. સૌએ પોતપોતાનાં ઘરે મોડું થશે એવાં સમાચાર આપી દીધાં. અંતિમ ક્રિયા પતાવી, સ્નાન વગેરે કરીને દિલીપભાઈ પરવાર્યા ત્યારે ચાર વાગી ગયાં હતા. સ્વદેશને ફોન કરવાનું એમણે નક્કી કર્યું, કારણ કે અત્યારે અમેરિકામાં સવારનાં ૬ વાગ્યાં હશે એવો અંદાઝ હતો. દિલીપભાઈએ સ્વદેશને એનાં પિતાનાં અવસાનની અને અંતિમ ક્રિયાની સંપૂર્ણ સવિસ્તાર માહિતી આપી એનાં જવાબની રાહ જોવાં અટક્યાં. સ્વદેશ બોલ્યો, દિલીપ કાકા, પપ્પા મારી, વહુની અને પૌત્રની યાદ કરતાં પોઢી ગયા એ સાંભળીને ખૂબ દુઃખ થયું અને અફસોસ પણ થયો કે અમે એમને મળી શક્યાં નહીં. અત્યારે તો અમારે કામનું અત્યંત ભારણ છે, મેરી અને મને ક્રિસમસ વેકેશન પડશે એટલે અમે ભારત આવી જઈશું, અત્યારે ડોલરની સામે રૂપિયો ગગડ્યો છે એટલે વધુ પૈસા બચે એમ છે, પણ તમે જે મદદ કરી છે એ માટે હું તમારે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું...

દિલીપ સ્વદેશનો પિતા પ્રેમ જોઇ આંચકો ખાઇ ગયા. એમણે રમણલાલની બધી યાદો તાજી થવા લાગી. આજથી છ મહિના પહેલાં રમણલાલ બગીચામાં મળી ગયા. તેઓ મામલતદાર તરીકે નિવૃત્ત થયેલાં અને તેઆ આ વરિષ્ઠ નાગરિકોનાં ગ્રુપમાં સદસ્ય બન્યા. રમણલાલ સાથે મુલાકાત થયાંના વર્ષ પૂર્વે જ એમનાં પત્ની અકાળે અવસાન પામેલાં. રમણલાલને સ્વદેશ નામનો એકમાત્ર દીકરો હતો. એને કંપનીના કામાર્થે અમેરીકા જવાનો મોકો મળેલો. ડોલર કમાવા મળશે તો આપણે સે-૨૭નું હાઉસિંગનું મકાન વેચી મોટો બંગલો બનાવીશું એવું આશ્વાસન એણે પિતાને આપેલું.

રમણલાલને સગાવહાલાં કોઇ નહોતાં એટલે સ્વદેશે ખુબ ચર્ચા વિચારણાને અંતે એમને કૈલાસધામ વૃદ્ધાશ્રમમાં દાખલ કરાવવાનો નિર્ણય કર્યો. પેન્શન સારૂં હતું એટલે ખર્ચાનો પ્રોબ્લેમ નહોતો પણ સારી કંપની મળે એ સચવાઇ રહે એટલે દીકરાએ નિર્ણય લીધેલો... ડોલરની દોટમાં અમેરીકન ચૂંગાલમાં ફસાયેલો સ્વદેશ થોડાં વધુની લાલચ કરતાં બે વર્ષ ત્યાં ટકી ગયો અને એક ગોરી મેમ 'મેરી' સાથે મેરેજ કરી લીધાં. ફોનથી રમણલાલને જાણ કરી, દીકરીની ખુશીમાં બબાલ ના બનવાનાં કારણસર એમણે કડવો ઘૂંટડો ગળી લીધો. બીજા બે વર્ષમાં સ્વદેશને પુત્ર થયો હતો અને જયારે સ્વદેશનો ફોન આવ્યો ત્યારે દિલીપભાઇ ત્યાં જ હાજર હતાં એટલે એમણે બાપ-બેટાનો સંવાદ સાંભળેલો. સ્વદેશને ચાર મહિના પહેલાં પુત્ર થયેલો અને પત્નીની ઇચ્છા અનુસાર એનું નામ માઇકલ રાખેલું... રમણલાલે મેરી - માયકલને જોવાની - મળવાની ખુબ ઇચ્છા છે. એટલે ભારત આવવાં એને આગ્રહ કર્યો. ત્યારે સ્વદેશ બોલેલો, "પપ્પા, પ્લીઝ બી પ્રેક્ટીકલ, મારી પત્નીની ઇચ્છા વિરૂદ્ધ હું એમને ભારત લાવી શકું એમ નથી." કારણ મેરીને વૃદ્ધ માણસો ગમતાં નથી, મેં પુત્રનાં જન્મની ખબર પણ એની મરજી વિરૂદ્ધ એનાથી ચોરીછૂપીથી આજ તમને આપી છે!!

આંખમાંથી દદડતાં અશ્રુને ઝભ્ભાની બાંયથી લૂંછતાં રમણલાલ દિલીપભાઇ સામે જોઇ રહ્યાં હતા. દિલીપભાઇને શું બોલવું એ સમજાતું નહોતું, પણ રમણલાલે એમનું સંકટ દૂર કરી દીધું, "દિલીપભાઇ, આ સ્વદેશને શું કહેવું એ સમજાતું નથી, દર વખતે એ લટકતાં કારણો આપીને ભારત આવવાનો વિષય ટાળી દે છે, હું મેરી - માયકલનું મોઢું જોવા વગર જ અહીંનો પ્રવાસ ખતમ કરવાનો છું, એવું મને હવે ચોક્કસ લાગે છે." નિસાસા નાંખતા નીકળેલાં એમનાં એ શબ્દો બદનસીબે સાચા પડી ગયા...

રમણલાલનાં મૃત્યુને મહિનો થઇ ગયો અને એક દિવસ અચાનક સ્વદેશે દિલીપભાઇનાં ઘરની ડોલરબેલ દબાવી. એને આંખનાં ઇશારાથી જ અંદર આવવા અને બેસવા જણાવ્યું. સ્વદેશ ખુરશી પર બેઠો અને નતમસ્તકે વ્યથિત અવાજે બોલ્યો, "કાકી મારી ભૂલ અને ડોલરની દોટમાં હું મારા પિતાને ગુમાવી બેઠો, મારા પિતા રમણલાલનો આત્મા મને ક્યારેય માફ કરશે નહીં, હવે હું કાયમ માટે જ ભારત આવી ગયો છું."

દિલીપભાઇ થોડું કઠોરપણે જ બોલ્યા, "અરે, સ્વદેશ તું ગાંડો છે કે મુરખ, અરે જયાં સુધી તારો છોકરો મોટો થાય અને તને ઘર બહાર હાંકીના કાઢે, અને તારી પત્ની જેમ વૃદ્ધ-ઘરડાં માણસો ગમતાં નથી, એ જ તને યોગ્ય સમયે ભારત પાછો ના મોકલે ત્યાં સુધી બી પ્રેક્ટીકલ, અમેરિકા જ રહેવું જોઇએ...!! સ્વદેશ ચમકી ગયો એનાં આંખોમાં ધસી આવેલા અશ્રુનું મહાપુર દુનિયાનો કોઇ રૂમાલ લૂંછી શકે એમ નહોતો, કારણ ડોલરની સામે ખોટો રૂપિયો સાબિત થયેલો દીકરાના આ પશ્ચાતાપનાં તદ્દન સાચાં અશ્રુ હતા."

ચૂંટલો :

યુવાનો ડિગ્રી લઇ ડોલરમાં કમાવા રૂપિયામાં કન્વર્ટ કરી ઢગલો કરે એની સામે વાંદો હોઇ જ ના શકે, એમની દુનિયા છે, પણ મા-બાપને લટકતા - રખડતાં રાખીને રળેલાં ડોલર એમને એમની નજરમાં જ ખોટો રૂપિયો સાબિત કરે છે.

મોટાભાઇ મને તમારાથી એજ દિવસે ઘૃણા થઇ ગઈ હતી, જે દિવસે તમે આપણી બાપ-દાદાની જમીનોનો સોદો કરી નાંખ્યો હતો અને બધો પૈસો તમે હજમ કરી ગયા, એ મિલ્કતમાં અડધો ભાગ મારો પણ થાય

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

ભગવાને મને સાથ આપ્યો, અને છેવટે એ દિવસ પણ આવી ગયો કે મારો નાનો ભાઇ તેનો અભ્યાસ પુરી કરી ઘેર આવી ગયો. તે એક એન્જીનીયર બની ગયો હતો. એ દિવસો દરમિયાન નાની બહેન દિપાલી માટે પણ સારૂં માગું આવ્યું. પણ આર્થિક સમસ્યાએ મને ઘેરી લીધો હતો. બહેનના લગ્ન માટે મારી પાસે પૈસા નહોતા. મેં ઘેર ઘેર ફરીને ઓળખીતા અને સંબંધીઓ પાસે ઉછીના પૈસા માંગ્યા. પણ બધાં એ કંઇને કંઇ બહાના કાઢયાં. હું હવે હારી ગયો. મને કોઇ ઉપાય સૂઝતો ન હતો. અચાનક એક વિચાર આવ્યો. અને મેં મારી વ્હાલી બહેન માટે પૂર્વજોની જમીન વેચવાનો નિર્ણય લઇ લીધો. દિપાલીનાં લગ્ન ધામધૂમથી થઇ ગયાં. વિદાય વખતે તે મારી પાસે આશીર્વાદ લેવા આવી ત્યારે મારા હાથ ધ્રૂજવા લાગ્યા. હું નાના બાળકની જેમ રોઇ પડ્યો.

થોડા દિવસ બાદ પોસ્ટમેન એક કવર આપી ગયો. તે અંકલેશ્વરથી આવ્યું હતું. દિશાંતને ત્યાં કોઇ ફેક્ટરીમાં નોકરી મળી ગઇ હતી. દિશાંત જવા લાગ્યો ત્યારે મેં તેને કહ્યું કે હવે ગામમાં હું એકલો રહીને શું કરીશ. મારા માટે પણ ત્યાં કોઇ કામ શોધી આપજે અને મને ત્યાં જ બોલાવી લેજે. હું હવે તારી સાથે જ રહેવા માંગુ છું. દિશાંતે કહેવું કે તે ત્યાં જઇને પત્ર લખશે અને મને ત્યાં બોલાવી લેશે. એવું કહીને તે ચાલ્યો ગયો. દર વખતની જેમ ઘેરથી નીકળતાં આ વખતે તે મને પગે ન લાગ્યો. તેનું શું કારણ હતું તે હું સમજી શક્યો ન હતો.

એટલું કહીને એ અટકી ગયો. અને પોતાનું પાકીટ કાઢી તેમાંથી શોધવા લાગ્યો. તે પોતાની કુતૂહલને રોકી શકી નહીં તેથી કહ્યું. "પછી શું થયું?"

"લગભગ બે મહિના પછી દિશાંતને પત્ર આવ્યો. તેના એક શબ્દે તીર ભોંકાયું હોય તેમ મારા હૃદયને ઘાયલ કરી દીધું. હું ભાંગી પડ્યો હતો. પોતાની જાતને બિમાર અને અસહાય અનુભવવા લાગ્યો હતો."

આમ કહેતા તેણે પોતાનો હાથ લંબાવી ટેબલ પર રાખ્યો. તેની હથેળીમાં કાગળનો ટૂકડો હતો. તેણે ધીમેથી કાગળ લીધો. પણ તેની નજર તેના હાથની ખરબચડી રૂક્ષ થઇ ગયેલ ચામડી પર અટકી ગઇ. તે દર્શાવતી હતી કે આ હાથોએ કેટલી વખત મહેનત કરી છે. હવે તે કાગળ ને ખોલીને વાંચવા લાગી. તેમાં લખ્યું હતું કે -

'મોટાભાઇ મને તમારાથી એજ દિવસે ઘૃણા થઇ ગઈ હતી. જે દિવસે તમે આપણી બાપ-દાદાની જમીનોનો સોદો કરી નાંખ્યો હતો અને બધો પૈસો તમે હજમ કરી ગયા. એ મિલ્કતમાં અડધો ભાગ મારો પણ થાય. મારા ઉપર તમે કરેલ અહેસાનને કારણે હું તમારા વિરૂદ્ધમાં કોઇ કાનૂની કાર્યવાહી નહીં કરૂં. પણ એટલું સમજી લો કે આપણા સંબંધો કાયમ માટે અહીં જ પુરી થઇ ગયા છે દિશાંત.'

ચાર લીટીનો આ પત્ર વાંચી તે સ્તબ્ધ રહી ગઇ. ભરાયેલા સ્વરે તે ફરી બોલ્યો. એ પછી હું ગામમાં મજુરી કરવા લાગ્યો. ઘણા ભાગે બિમાર પણ રહેવા લાગ્યો. મને હંમેશા ઉધરસ આવ્યા કરતી. થોડા દિવસ પછી મને જાણવા મળ્યું કે દિશાંતે અંકલેશ્વરમાં લગ્ન કરી લીધાં છે. સમયનું ચક્ર ચાલતું રહ્યું. તેમાં રક્ષાબંધનનો તહેવાર આવ્યો. હું આખો દિવસ ઘરમાં બેઠો દિપાલીને આવવાની રાહ જોતો રહ્યો. પણ એ રાખડી બાંધવા ન આવી. તે પછી આજ સુધી એ મને મળવા આવી નથી. તે દિશાંત ને ઘેર આવે જાય છે. શું લોહીના સંબંધો આવા કઠોર થઇ શકે?

આટલું કહી એ તેની સામે જોવા લાગ્યો. તેની નજરમાં એક એવો પ્રશ્ન હતો કે જેનો જવાબ આપવા તે સમર્થ ન હતી. મનની વ્યથાએ તેના શરીરને કંપાવી દીધું હતું. નિરાશ સ્વરે એ બોલવા લાગ્યો.

'જયારે મારી હાલત વધારે બગડી તો ગામનો એક ભલો માણસ મને અહીં દાખલ કરી ગયો. ડોકટરોએ મને કહ્યું કે લાંબો સમય સારવાર કરાવવી પડશે. છ મહિના સુધી દાખલ રહેવું પડશે. ખુબ ધ્યાન દેવું પડશે. નહીં તો... અને તેથી હવે હું મોતથી ડરવા લાગ્યો હતો. ઘણી વખત હું એકદમ ગભરાવા લાગતો અને બેચેન બની જતો હતો. એક દિવસ હું સુતો હતો ત્યારે મેં પલંગમાંથી સૂતાં સૂતાં બારી બહાર આકાશમાં ટમટમતા તારા જોયા. મને વડીલોની વાતો યાદ આવવા લાગી. આ દુનિયા સિવાય તારાઓની પેલે પાર બીજી એક દુનિયા છે. મર્યા બાદ સૌ ત્યાં જાય છે. ત્યાં પોતાનાં સ્નેહીઓ ફરી મળી જાય છે. ત્યાં કોઇને કોઇ પ્રકારનું દુઃખ નથી હોતું. એ પછી મૃત્યુનો ભય જાતે જ નીકળી ગયો હતો. જયારે હું ઝબુકતા તારાઓને જોઉં છું ત્યારે માતાપિતાના સ્નેહને તેમાં અનુભવું છું. વૃદ્ધ દાદા-દાદી, નાના-નાનીનું વાત્સલ્ય યાદ આવવા લાગે છે. તેથી મન ને ખુબ શાંતિ મળે છે.'

આટલું કહેતાં તેના હોઠ પર આછું સ્મિત આવી ગયું. પણ તેને એ સહન કરી શકી નહીં. તે અંદરને અંદર રોઇ પડી. આંખોમાં આંસુ તો ન આવ્યા પણ મન ગહન વેદનાથી તડપી ઊઠ્યું.

જયારે તે તેને પાછો તેની પથારીમાં મુકવા ગઇ ત્યારે રાતનો બીજો પહોર વીતી ચુક્યો હતો. તેમાં ઉધરસ તેનો પીછો છોડવાનું નામ લેતી ન હતી. પલંગમાં બેસતાં જ તેને ઉધરસ ઉપડી હતી. ઉધરસ વધતી જતી હતી. તે પણ ગભરાઇ અને તેના વાંસામાં હાથ ફેરવવા લાગી.

હવે ઉધરસ તો શાંત થઇ ગઇ પણ તે હજુ હાંફતો હતો. કંઇ બોલી શકતો ન હતો. ઘણીવાર સુધી એ તેનો વાંસો સહેલાવતી રહી. અને જયારે તે શાંત થયો ત્યારે તેને પલંગ પર સુવડાવી દીધો. પછી પોતાનો હાથ તેના કપાળ પર રાખીને બોલી.

"દર્શન, તારાઓની પેલેપારની દુનિયા વિશે તો હું જાણતી નથી. પણ એ વાત તો નક્કી છે કે તારૂં જીવન કોઇ સ્ટારથી જરા પણ કમ નથી. હવે હું તને મરવા નહીં દઉં. તું હિંમત હારીશ નહીં. હું તારી સાથે છું."

થોડીવાર સુધી બંને એકબીજાંની આંખોમાં જોતા રહ્યાં. પછી એ બોલી. 'સારૂં હવે તું આરામ કર. કાલે હું તને સાદી દવાઓ લાવી આપીશ. મને વિશ્વાસ છે કે તું જલ્દીથઈ જલ્દી સાજો થઇ જઇશ.'

તે પાછી ફરી જવા લાગી. ત્યાં તેણે ધીરેથી તેનો હાથ પકડી લીધો. તે અટકી અને પ્રશ્નાર્થ નજરે તેની તરફ જોવા લાગી. એક ક્ષણ પછી તેનો હાથ છોડી દેતાં એ બોલ્યો.

"ડો. દિસી જતાં પહેલાં આ બારી તમે બંધ કરી દો. હવે હું આકાશ જોવા માંગતો હતો."

માનવીનો અહમ પોષાય તે માટેના ધમપછાડા, માનવીનો અહમ ઘવાય તો માનવી બહાવરો બની જાય છે

ચેતનાનો સમય

- પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ

ધંધાકીય સંચાલનક્ષેત્રે કર્મચારીઓને ઉત્સાહપૂર્વક કાર્યક્ષમતાપૂર્વક ફરજ બજાવવા માટે -મોટીવેશન થીયરી કામે લગાડવા માટે કર્મચારી મનોવિજ્ઞાનના પ્રણેતા મેસ્લોએ પ્રેરણાનો સિદ્ધાંત રજૂ કરેલ છે. માનવીની પાયાની મહત્ત્વની ખોરાક, પોશાક, રહેઠાણની જરૂરિયાત છે. આ જરૂરિયાત સંતોષવા લોકો નોકરી - કામ ધંધે લાગે છે. ધંધાકીય ક્ષેત્રે કર્મચારી સહુ પ્રથમ તો નોકરી મેળવીને પોતાની પાયાની જરૂરિયાત સંતોષે છે. આ જરૂરિયાત સંતોષાયા પછી ધીમે ધીમે કર્મચારીની જરૂરિયાતો વધતી જાય છે. વધતી જતી જરૂરિયાતોને સંતોષવા કર્મચારી હંમેશાં મથાણમા કરતો રહે છે. તેમાં છેલ્લે ટોચની જરૂરિયાત અહમ પોષક જરૂરિયાત છે. જેને અંગ્રેજીમાં ઇગોનીડ કહે છે. દરેક માનવીમાં ઇગો નીડ થોડા ઘણાં અંશે હોય છે. નાનુ બાળક પણ આ જરૂરિયાત માટે તેના માતાપિતા સાથે રડીને કે રીંસામણા કરીને આ જરૂરિયાત સંતોષવા પ્રયત્ન કરે છે. ધંધાકીય ક્ષેત્રે કામ કરતાં નાના મોટા કર્મચારીઓ આ અહમપોષક જરૂરિયાત માટે હંમેશાં સંઘર્ષ કરતો રહે છે.

રાજકારણના ક્ષેત્રે પણ આજકાલ આ અહમ પોષક જરૂરિયાત માટે રાજકારણીઓ મથામણ કરતા રહે છે. એક નાનકડો રાજકીય પક્ષનો કાર્યકર હંમેશાં પક્ષમાં પોતાની પ્રતિભાનું સન્માન થાય, પોતાની ગણના થાય, પોતાનું મહત્ત્વ વધે તે માટે મથામણ કરતો રહે છે. કાર્યકરમાંથી કોઇક મહત્ત્વનો હોદ્દો કે પછી તાલુકા - જીલ્લા પંચાયતનાં સભાસદ કે વિધાનસભા લોકસભાના સદસ્ય પદ માટે ઇગો નીડ પ્રબળ હોય છે. આ જરૂરિયાત પ્રત્યે પક્ષના વડા ધ્યાન ના આપે તો આજકાલ પક્ષ પલટાની - પાટલી બદલવાની પદ્ધતિ અપનાવીને પણ ઇગો સંતોષવા પ્રયત્ન કરે છે. મારા એક વિદ્યાર્થી બીજા પક્ષની ટીકીટે પાટનગર મ્યુનિસીપાલીટીમાં ચૂંટાયા તો મેયર પદની અહમપોષક જરૂરિયાત સંતોષવામાં વિઘ્નો આવે તેમ લાગવાથી પાટલી બદલીને પણ છેવટે મેયરપદ મેળવ્યું તે માટે મેયરશ્રી રાણા મારા ભૂતપૂર્વ ઇગોઇસ્ટ વિદ્યાર્થીને અભિનંદન આપતાં કહ્યું કે બાપુ હજુ ઇગોયાત્રા આગળ વધારો. વિધાનસભામાં ચૂંટાયને મંત્રીપદ મેળવો તેવી શુભેચ્છા મેં પાઠવી તો તેમનો આજકાલ ઇગો તે તરફ મંડાયો હશે એવી કલ્પના કરૂં છું.

ઇગો નીડ સંતોષવા માટે કર્મચારી સતત સંઘર્ષ કરતો રહે છે અને તે માટેની લાયકાત પણ કેળવતો રહે છે અને પોતાની કાર્યક્ષમતા ને સંચાલકો સ્વીકૃતિ આપી તેના વખાણ કરે તેને બઢતી આપે, ઊંચુ પગાર ધોરણ અને બીજા લાભો આપે તેવી અપેક્ષા યાને ઇગો નીડ રાખતો થાય છે અને સંચાલક આ ઇગોનીડને સંતોષે એટલે કર્મચારીનો અહમ સંતોષાયછે. ઇગો સંતોષાય છે. કુટુંબ સમાજ અને ધંધાના ક્ષેત્રે પોતાની વાહવાહ થાય પોતાની ગણના થાય તે તરફ ઇગો ધરાવતો થાય અને ઇગો સંતોષાય ત્યારે તેને ખુશી થાય છે. મારા ઘરમાં એક રસોઇવાળા બહેન કુટુંબના સભ્યની જેમ રહે છે. તેની રસોઇના વખાણ કરૂં એટલે આ બહેનનો ઇગો સંતોષાય છે. સમાજમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો કે બીજા સામાજિક સંગઠનો સાથે સંકળાયેલા લોકો પોતાની સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિ ફૂલેફાલે અને તેની ગણવા થવા લાગે. તેની વાહ વાહ થાય ત્યારે આવી પ્રવૃત્તિના સંચાલકોનો ઇગો સંતોષાય છે. દરેક માણસમાં ઇગો તો હોવો જ જોઇએ. ઇગો સંતોષવા માટે માણસ વધુને વધુ મહેનત કરતો થાય છે અને પોતાની વાહ વાહ બોલાય તેનો આનંદ આવે છે. આ આનંદ સંતોષ એ તેની ઇગોનીડ છે.

ક્યારેક માનવી જયાં રહેતો હોય તે રહેઠાંણનાં વિસ્તારમાં નવરાત્રી, હોળી, ઉત્તરાયણ જેવા પ્રસંગોએ પોતાનું મહત્ત્વ વધે તે માટે મથામણા કરતો રહે છે. અને તેની વાહ વાહ બોલાય તેની ગણના થાય તેની પ્રતિષ્ઠા વધે તેવો ઇગો હોય છે એ સંતોષાય ત્યારે તે વધુ જોશથી સેવા આપવા લાગે છે.

બીજી બાજુ માનવીનો ઇગો (અહમ) ઘવાય તો તેની દિલદિમાગ નકારાત્મક અસરો પહોંચે છે. પોતે સખત પરિશ્રમ કરતો હોય કે પોતાના ક્ષેત્રમાં સફળતા પામી સમાજમાં તેની નામના વધે ગણના થાય તે માટેનો ઇગો હોય છે. દાખલા તરીકે મારો આજનો લેખ ગાંધીનગર સમાચારમાં છપાય પછી મારા પ્રિય વાચકો વાંચે અને મને ફોન કરે કે ભટ્ટ સાહેબ તમે જોરદાર લેખ લખ્યો બસ એ સાંભળી ભટ્ટ સાહેબનો ઇગો સંતોષાય છે પણ તંત્રીથી મારા લેખને જગ્યાના અભાવે સ્થાન ના આપે એન છાપે નહીં તો મારો ઇગો ઘવાય છે અમારા ફ્લેટનાં વિસ્તારમાં રવિવારે રાત્રે કેટલાક દારૂડિયા દારૂ પીને ગાળાગાળી કરતા હતા અને ફ્લેટની સ્ત્રીઓને તેમને ટપાર્યા ત્યારે બોલા ચાલી થઇ અને વાતનું વતેસર થતાં વાત ગેંગવોર જેવી બની ગઇ અને આઠ-દસ ગુંડાઓ વસાહતીઓ સાથે ગેરવર્તન કરી ભાગી ગયા ત્યારે મને પુરૂષોનો સહકાર નહિં મળતાં અને ગુંડાઓ જે ગાડીમાં બેસીને આવેલા તે ગાડીનો નંબર લખવાનો રહી ગયો તે સમગ્ર બાબતે મારા ઇગોને હાનિ પહોંચી છે. મને અને ફ્લેટની બહેનોને સતત એમ થાય છે કે આપણે કાંઇ કરી શક્યા નહીં. ગેંગવોર સામે લડવાથી કોઇ ઘાયલ થાય એટલે વાત વાળી દીધી પણ દિલદિમાગમાં જે ઇગો હર્ટ થયો તેનાથી આખી રાત્રી ફ્લેટવાસીઓ જાગતા રહ્યા. આ એક માનવીની ઇગોનીડ ઘવાયાનું ઉદાહરણ છે. ઇગો નીડ ઘવાય ત્યારે માનવી બહાવરો બની જાય છે અને તેની વાણી વર્તન વ્યવહારમાં ક્યારેક કડવાશ ચાવી જાય છે કે પછી નહિં કરવાનું કાર્ય કરી બેસે છે અને કાનૂનનો પ્રશ્ન ઊભો થાય છે. મારામારી ખૂનામરક